તા. ૦૫.૧૦.૨૦૨૪

ગુજરાત સમાચાર, પાના નં. ૦૨

# નવરાત્રિમાં મેટ્રો રેલ રાત્રે બે સુધી દોડાવાશે

અમદાવાદ, શુક્રવાર

નવરાત્રિના તહેવારને પગલે થલતેજથી વસ્ત્રાલ ગામ, મોટેરા સ્ટેડિયમથી એપીએમસી વચ્ચે સવારે ૬:૨૦ થી રાત્રિના બે વાઘા સુધી મેટ્રો ટ્રેન દોડાવાશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને એક યાદીમાં જણાવ્યું કે, 'આગામી ૧૧ ઓક્ટોબર સુધી મેટ્રો ટ્રેન સેવા રાત્રે ૧૦ બાદ માત્ર પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ કોરિડોરમાં દરેક સ્ટેશનથી ૨૦ મિનિટના અંતરે ઉપલબ્ધ રહેશે. થલતેજ, વસ્ત્રાલ ગામ, મોટેરા સ્ટેડિયમ તથા એપીએમસીથી છેલ્લી ટ્રેન ઉપડવાનો સમય મધ્યરાત્રિના બે વાગ્યા સુધી રહેશે.'